GJJM100000062015

સત્યમેવ જયતે

દાખલ તારીખ : ૧૩/03/૨૦૧૨
નોંધણી તારીખ : ૧૩/03/૨૦૧૨
ફેસલ તારીખ : 30/૦૪/૨૦૨૬
સમય ગાળો : વર્ષ–માસ-દીન
૧૪ - ૦૧ - ૧૭

માનનીય ધ્રોલના પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટ, ધ્રોલ, જિલ્લો જામનગર.

આંક

વાદીઓ :- (૧) રાજેન્દ્રસિંહ જોરૂભા જાડેજા
ઉમર વર્ષ આશરે ૫૪, ધંધો : નોકરી/ખેતી,
રહેઠાણ : નવો હુડકો, રણજીત નગર,
બ્લોક નંબર જે – ૧૪ 'આશાપુરા કૃપા'
ઘર નંબર ૧૬૩૪, જામનગર.

વિરુદ્ધ

પ્રતિવાદીઓ :- (૧) ગુજરનાર જોરૂભા જીયાજી જાડેજા ના વારસો
(૧/૧) સહદેવસિંહ જોરૂભા જાડેજા
ઉમર વર્ષ આશરે ૫૧, ધંધો : ખેતી,

(૧/૨) ગુજરનાર પરાક્રમસિંહ જોરૂભા જાડેજા ના વારસો
(૧/૨/૧) કિસ્મતબા પરાક્રમસિંહ જાડેજા
ઉમર વર્ષ આશરે ૫૩, ધંધો : ગૃહકાર્ય,
રહેઠાણ : હાડાટોડા, તાલુકો ધ્રોલ,
જામનગર.
(૧/૨/૨) જીગ્નાબા પરાક્રમસિંહ જાડેજા
વાઈફ ઓફ ઋષિરાજસિંહ પરમાર
ઉમર વર્ષ આશરે ૩૦, ધંધો : ગૃહકાર્ય,
રહેઠાણ : ગામ શેખપર, તાલુકો મુળી,
જીલ્લો સુરેન્દ્રનગર.

(૧/૨/૩)યશપાલસિંહ પરાક્રમસિંહ જાડેજા
ઉમર વર્ષ આશરે ૩૦, ધંધો : ખેતી,
રહેઠાણ : હાડાટોડા, તાલુકો ધ્રોલ,
જામનગર.

(૧/૨/૪) વૈશાલીબા પરાક્રમસિંહ જાડેજા
ઉમર વર્ષ આશરે ૨૬, ધંધો : ગૃહકાર્ય,
રહેઠાણ : હાડાટોડા, તાલુકો ધ્રોલ,
જામનગર.

(૧/૩) મહેન્દ્રસિંહ જોરૂભા જાડેજા
ઉમર વર્ષ આશરે ૩૯, ધંધો : ખેતી,
રહેઠાણ : હાડાટોડા, તાલુકો ધ્રોલ,
જામનગર.

(૧/૪) જયોત્સનાબા જોરૂભા જાડેજા
વાઈફ ઓફ અભયસિંહ વખતસિંહ પરમાર
ઉમર વર્ષ આશરે ૪૫, ધંધો : ગૃહકાર્ય,
રહેઠાણ : થાન, તાલુકો ચોટીલા,
જીલ્લો સુરેન્દ્રનગર.

(૨) જગદીશસિંહ મહીપસિંહ જાડેજા
ઉમર વર્ષ આશરે ૪૪, ધંધો : ખેતી,
રહેઠાણ : હાડાટોડા, તાલુકો ધ્રોલ,
જામનગર.

બાબત :- ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા અને વેચાણ દસ્તાવેજ રદ કરવા અંગે નો દાવો ....

---

વાદી તરફે :- વિદ્વાન વકીલશ્રી પી.એસ.સભાયા
પ્રતિવાદીઓ તરફે :- વિદ્વાન વકીલશ્રી જે.એચ.અનડકટ

---

**પ્રિન્સિપાલ સિવિલ જજ,**
**ધ્રોલ.**

**જજમેન્ટ**

વાદી ના દાવાની ટૂંકમાં હકીકત ........ 3

પ્રતિવાદી નંબર ૧ તરફે બચાવ ........ 3

પ્રતિવાદી નંબર ૨ તરફે બચાવ ........ 4

મુદ્દાઓ ........ 4

પુરાવો ........ 5

દલીલો ........ 8

મુદાઓ અંગેના નિર્ણય ........ 9

કારણો ........ 9

આખરી હુકમ ........ 14

## 1. વાદી ના દાવાની ટૂંકમાં હકીકત :-

વાદીઓ તરફે દાવા અરજીમાં રજુઆત છે કે, વાદીના હિસ્સાવાળી વડીલોપાર્જીત ખેતીની જમીન જામનગર જીલ્લાના ધ્રોલ તાલુકાના હાડાટોડા ગામે રેવન્યુ સર્વે નંબર ૨૫૭, ૩૫૬, ૩૫૭/૧ તથા ૩૫૭/૨ થી આવેલ છે જે પૈકી સર્વે નંબર ૨૫૭ નુ વિગતવાર વર્ણન દાવા અરજી સાથે રજુ થયેલ પરીશીષ્ટ 'અ' માં કરેલ છે જેને હવે પછી દાવાવાળી જમીન તરીકે ઓળખવામાં આવેલ છે તે જમીનમાં વાદીઓને કોઇ હિસ્સો કે ભાગ મળેલ ન હોઇ પ્રતિવાદી નંબર ૧ કે જે વાદીના પિતા થાય છે તેઓએ તારીખ ૧૮/૦૨/૨૦૧૨ ના રોજ અનુક્રમ નંબર ૧૮૦ થી પ્રતિવાદી નંબર ૨ ને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે જે ગેરકાયદેસર નો દસ્તાવેજ કરી આપેલ છે જે વેચાણ દસ્તાવેજ રદ કરવા તેમજ પ્રતિવાદી નંબર ૨ અન્ય કોઇને દાવાવાળી જમીન ટ્રાન્સફર કરે નહી તેવો કાયમી મનાઇ હુકમ મેળવવા તેમજ પ્રતિવાદી નંબર ૨ દાવાવાળી જમીન નો કબજો વાદીને સોંપી આપે તેવો હુકમ મેળવવા વાદીએ હાલનો દાવો દાખલ કરેલ છે.

## 2. પ્રતિવાદી નંબર ૧ તરફે બચાવ :-

હાલના દાવામાં પ્રતિવાદી નંબર ૧ ને સમન્સ બજી ગયા બાદ તેમના વકીલ મારફત હાજર થયેલ છે અને આંક ૨૫ થી હાલના દાવાનો જવાબ આપેલ જેમાં તેઓએ હાલના દાવા અરજીની તમામ મહત્વ ની હકીકત નો

ઈનકાર કરેલ છે અને રજુઆત કરેલ છે કે, દાવાવાળી જમીન એ વડીલોપાર્જીત જમીન નથી પરંતુ તેમના પિતાની સ્વપાર્જીત મિલકત છે અને વાદીને તેમના લગ્ન સમયે તમામ દાગીના અને તમામ વસ્તુઓ નો ભાગ આપી દીધેલ છે જેથી વાદીનો દાવાવાળી જમીનમાં કોઇ હકક, હિસ્સો નથી જેથી વાદીએ હાલનો દાવો ખોટો કરેલ હોઇ દાવો રદ કરવા વિનંતી કરેલ છે.

**3. પ્રતિવાદી નંબર ૨ તરફે બચાવ :-**

હાલના દાવામાં પ્રતિવાદી નંબર ૨ ને સમન્સ બજી ગયા બાદ તેમના વકીલ મારફત હાજર થયેલ છે અને આંક ૨૭ થી હાલના દાવાનો જવાબ આપેલ જેમાં તેઓએ હાલના દાવા અરજીની તમામ મહત્વ ની હકીકત નો ઈનકાર કરેલ છે અને રજુઆત કરેલ છે કે, દાવાવાળી જમીન એ વડીલોપાર્જીત જમીન નથી પરંતુ વાદીના પિતાની સ્વપાર્જીત મિલકત છે અને તેઓએ વાદીના પિતા પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થી જમીન ખરીદ કરેલ છે. વધુમાં તેઓએ દાવાવાળી જમીનના તમામ ટાઇટલ તપાસીને અવેજ ચુકવી દાવાવાળી જમીન ખરીદ કરેલ તેઓ બોનાફાઇડ પરચેસર વીથ વેલ્યુ હોઇ વાદીએ ખોટો દાવો કરેલ હોઇ વાદીનો દાવો રદ કરવા વિનંતી કરેલ છે.

**4. મુદ્દાઓ :-**

હાલના દાવાના ન્યાયીક નિર્ણય માટે મારા અગાઉના પ્રીસાઈડીંગ ઓફીસરશ્રી ધ્વારા આંક ૪૨ થી નીચે મુજબના મુદા ઉપસ્થિત કરવામાં આવેલ છે.

(૧) શું વાદી પુરવાર કરે છે કે, વાદીના હીસ્સાવાળી વડીલોપાર્જીત ખેતીની જમીન જે નિશાની અ ટીપમાં આપેલ છે તે પ્રતિવાદી નંબર ૧ વાળા એ પ્રતિવાદી નંબર ૨ જોગ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી નંબર ૧ ના એ કરેલ વેચાણ દસ્તાવેજ વગર અધિકાર નુ ગેર કાયદેસર નુ છે અને વડીલોપાર્જીત જમીનમાં કોઇ ભાયુભાગ પડેલ નથી કે વાદીને કોઇ હીસ્સો મળેલ નથી ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી નંબર ૧ અને ૨ મીલાપી થઇ તારીખ ૧૮/૦૨/૨૦૧૨ વાળો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરેલ છે તે

બોગસ, બનાવટી અને ઉભો કરેલ હોય, ગેરકાયદેસરનો અને વોઈડ હોય તે દસ્તાવેજ રદ કરવા દાવો કરેલ છે ?

(૪) શું વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી જમીન કાયદેસર હકક, હીસ્સાવાળી, વડીલોપાર્જીત જમીન છે ?

(૫) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, રેવન્યુ સર્વે નંબર ૨૫૭, ૩૫૬, ૫૫૦, ૩૫૭/પૈકી૧ તથા ૩૫૭/પૈકી ૨ વાળી જમીન તેમના પિતાશ્રી ની સ્વપાર્જીત અને સ્વતંત્ર માલીકી તથા કબજા ભોગવટા ની આવેલી છે?

(૬) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, તેમના પિતાની હૈયાતી દરમ્યાન વાદીને થતો હકક ભાગ આપી દીધેલ છે ?

(૭) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, વાદીના દાવાને એસ્ટોપલ, રેસ જયુડીકેટા વેઈવર નો બાધ નડતો હોઇ દાવો રદ થવાને પાત્ર છે ?

(૮) શું પ્રતિવાદી નંબર ૨ પુરવાર કરે છે કે, નિશાની-અ વાળી ખેતીની જમીનના સંપુર્ણ માલીક અને કબજે ભોગવટેદાર છે ?

(૯) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૧૦) શું હુકમ અને હુકમનામુ ?

**5. પુરાવો :-**

5.1. હાલના કામે વાદી તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

વાદી તરફે મૌખિક પુરાવો

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | રાજેન્દ્રસિંહ જોરૂભા જાડેજા | ૫૧ |

વાદી તરફે દસ્તાવેજી પુરાવો

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | દાવાવાળી ખેતી ની જમીન ના ગામ નમુના નંબર ૬ | ૫૪ |
| ૨ | નોબત દૈનીકમાં વાદીએ દાવાવાળી જમીન અંગે પ્રસિધ્ધ કરેલ વર્તમાનપત્ર | ૫૫ |

| | | |
|---|---|---|
| ૩ | આજકાલ દૈનીકમાં વાદીએ દાવાવાળી જમીન અંગે પ્રસિધ્ધ કરેલ વર્તમાનપત્ર | ૫૬ |
| ૪ | વાદીએ પ્રતિવાદી નંબર ૧ ને નોટીસ રજીસ્ટર્ડ પોસ્ટ થી મોકલેલ તેની પોસ્ટ ની સફેદ પાવતી | ૫૭ |
| ૫ | પ્રતિવાદી નંબર ૧ વાળા ને વાદીએ નોટીસ મોકલતા રજી.એ.ડી. ના પરત આવેલ બંધ કવર | ૫૮ |
| ૬ | વાદીએ મામલતદારશ્રી ધ્રોલ ને દાવાવાળી જમીન ટ્રાન્સફર ન કરવા બાબતે આપેલ વાંધા અરજી ની ઓફીસ કોપી | ૫૯ |
| ૭ | દાવાવાળી જમીનનો પ્રતિવાદી નંબર ૧ વાળા એ પ્રતિવાદી નંબર ૨ જોગ કરી આપેલ વેચાણ દસ્તાવેજ ની ખરી નકલ | ૬૦ |
| ૮ | દાવાવાળી જમીનના પ્રમોલગેશન બાદના ગામ નમુના નંબર ૭ ની ખરી નકલ | ૬૧ |
| ૯ | પ્રમોલગેશન નોંધ નંબર ૩૫૦૬ ની ખરી નકલ | ૬૨ |
| ૧૦ | ખાતા નંબર ૩૫૭ નો ૮(અ) | ૮૪ |
| ૧૧ | રેવન્યુ સર્વે નંબર ૨૫૬ નો ગામ નુમના નંબર ૭ અને ૧૨ | ૮૫ |
| ૧૨ | ગામ નમુના નંબર ૬ હકકપત્રક નોંધ નંબર ૧૫૦૦ | ૮૬ |
| ૧૩ | ખાતા નંબર ૩૨૪ નો ૮(અ) | ૮૭ |
| ૧૪ | રેવન્યુ સર્વે નંબર ૫૫૦/પૈકી ૧ નો ગામ નુમના નંબર ૭ અને ૧૨ | ૮૮ |
| ૧૫ | હકકપત્રક ગામ નમુના નંબર ૬ | ૮૯ |
| ૧૬ | ખાતા નંબર ૩૨૫ નો ૮(અ) | ૯૦ |

**પ્રિન્સિપાલ સિવિલ જજ,**
**ધ્રોલ.**

| | | |
|---|---|---|
| ૧૭ | રેવન્યુ સર્વે નંબર ૫૫૦/પૈકી ૨ નો ગામ નુમના નંબર ૭ અને ૧૨ | ૯૧ |
| ૧૮ | ખાતા નંબર ૪૮૮ નો ૮(અ) | ૯૨ |
| ૧૯ | રેવન્યુ સર્વે નંબર ૩૫૭/પૈકી ૧ નો ગામ નુમના નંબર ૭ અને ૧૨ | ૯૩ |
| ૨૦ | ગામ નમુના નંબર ૬ હકકપત્રક | ૯૪ |
| ૨૧ | રેવન્યુ સર્વે નંબર ૩૧૬ ગામ નમુના નંબર ૭ અને ૧૨ | ૯૫ |
| ૨૨ | ખાતા નંબર ૬૮૨ | ૯૬ |
| ૨૩ | ગામ નમુના નંબર ૬ હકકપત્રક નોંધ નંબર ૨૪૩૫ | ૯૭ |

વાદી તરફે ઉપરોકત પુરાવો રજુ થયા બાદ વાદી તરફે આંક ૯૮ થી પોતાનો પુરાવો પુર્ણ થયેલાનુ જાહેર કરેલ હોઇ હાલનો દાવો પ્રતિવાદી ના પુરાવા પર રાખવામાં આવેલ છે.

5.2. હાલના કામે પ્રતિવાદીઓ તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

પ્રતિવાદીઓ તરફે મૌખિક પુરાવો

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | સહદેવસિંહ જોરૂભા જાડેજા | ૧૦૬ |
| ૨ | મહેન્દ્રસિંહ જોરૂભા જાડેજા | ૧૧૩ |
| 3 | જગદીશસિંહ મહીપસિંહ જાડેજા | ૧૨૧ |

પ્રતિવાદીઓ તરફે દસ્તાવેજી પુરાવો

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | વેચાણ દસ્તાવેજ નંબર ૨૯૦/૧૯૯૭ | ૧૦૯ |
| ૨ | વેચાણ દસ્તાવેજ નંબર ૨૮૯/૧૯૯૭ | ૧૧૦ |

| | | |
|---|---|---|
| ૩ | ખાતા નંબર ૪૮૯ અને સર્વે નંબર ૩૫૭/પૈકી ૨ ના ગામ નમુના નંબર ૭ અને ૧૨ | ૧૧૨ |
| ૪ | ખાતા નંબર ૮૭૩ અને સર્વે નંબર ૫૪૩ ના ગામ નમુના નંબર ૭ અને ૧૨ | ૧૨૩ |

પ્રતિવાદીઓ તરફે ઉપરોકત પુરાવો રજુ થયા બાદ પ્રતિવાદીઓ તરફે આંક ૧૨૬ થી પ્રતિવાદીઓ તરફે તેમનો પુરાવો પુર્ણ થયા નુ જાહેર કરેલ હોઇ હાલનો દાવો દલીલો પર રાખવામાં આવેલ છે.

**6. દલીલો :-**

6.1. વાદી તરફે દલીલો :-

વાદી તરફે વિદ્વાન વકીલશ્રી પી.એચ.સભાયા તરફે રજુઆત છે કે, વાદીએ હાલનો દાવો વડીલોપાર્જીત જમીન નો થયેલ વેચાણ દસ્તાવેજ રદ કરવા કરેલ છે. વાદી તરફે રજુઆત છે કે હાલના દાવાના કામે આંક ૫૪ ધ્યાને લેતા નોંધ નંબર ૩૨ એ વડીલોપાર્જીત જમીન છે તે સાબિત થાય છે. વધુમાં આંક ૬૦ ધ્યાને લેતા દાવાવાળી જમીન એ વડીલોપાર્જીત છે તેવુ વેચાણ દસ્તાવેજના પેજ નંબર ૫ માં પેરા ૧ માં જણાવેલ છે જેથી પણ દાવાવાળી જમીન એ વડીલોપાર્જીત જમીન છે તેને સમર્થન મળે છે અને તે હકીકત પ્રતિવાદીના સાક્ષીએ સ્વીકારેલ છે. વધુમાં પ્રતિવાદી ના આંક ૧૦૬ ના સાક્ષી એ દાવાવાળી જમીન જોરૂભા ના નામે છે કે કેમ તે ખબર નથી તેવુ જણાવેલ છે તેમજ વાદીએ જાહેર નોટીસ આપેલ છે તે હકીકત સ્વીકારેલ છે અને જગદીશસિંહ મહીપતસિંહ એ જમીનના પૈસા આપવાના બાકી હતા તે સ્વીકારેલ છે અને જે તે વખતે ચૌદ લાખ કીમત હતી જેથી અવેજ વગરનો કરાર છે જેથી પણ રદબાતલ છે. વધુમાં પ્રતિવાદી ના આંક ૧૧૩ વાળા સાક્ષી દસ્તાવેજ અને રકમ બાબતે કંઇ જાણતા નથી. વધુમાં આંક ૧૨૧ વાળા સાક્ષી નોંધ નંબર ૩૨ સ્વીકારે છે કે જોરૂભા ને જીયાજી પાસેથી મળેલી મિલકત છે જેથી તેઓ દાવાવાળી જમીન વડીલોપાર્જીત જમીન સ્વીકારે છે. વધુમાં વાદી તરફે રજુઆત છે કે હાલના કામે આંક ૫૪ થી ૬૨ સુધીના દસ્તાવેજો તથા ઉપરોકત તમામ પુરાવો ધ્યાને લેતા પણ વાદીનો દાવો સાબિત થતો હોઇ હાલનો દાવો મંજુર કરવા અને દાવા અરજીની તમામ દાદ અપાવવા વિનંતી કરેલ છે.

6.2. પ્રતિવાદીઓ તરફે દલીલો :-

પ્રતિવાદીઓ તરફે વિદ્વાન વકીલશ્રી જે.એચ.અનડકટ તરફે રજુઆત છે કે, વાદીની ઉલટ તપાસ ધ્યાને લેતા રેવન્યુ રેકર્ડ ની નોંધ ખબર નથી તેમજ રજુ કરેલ હોય તો તે ખબર નથી. વધુમાં આંક ૫૪ મુજબ દાવાવાળી જમીન એ પ્રતિવાદી નંબર ૧ ની સ્વતંત્ર માલીકી ની છે તે સાબિત થાય છે. આ સિવાય વાદીએ કોઇ નોંધ રજુ કરેલ નથી. વધુમાં વાદી એ તેમના પિતાના અન્ય સર્વે નંબર ના વેચાણ દસ્તાવેજ ચેલેન્જ કરેલ નથી. વધુમાં નોંધ નંબર ૩૨ મુજબ સ્વતંત્ર માલીકી ની છે તે પુરવાર થાય છે. વધુમાં આંક ૧૦૬ મુજબ પુરાવો આપેલ છે. વધુમાં આંક ૯૭ મુજબ જમીન લીધેલ છે અને ખેડુત ખાતેદાર તેમના પિતા છે અને ૧૩૫ ડી ની નોટીસ બજેલ છે અને જેથી તેમના પિતાએ ભાગ આપેલ છે અને જમીન લઇ લીધેલ છે. વધુમાં આંક ૫૧ અને ૬૧ મુજબ દાવાવાળી જમીન એ દિવ્યરાજસિંહ ના નામે છે અને તેઓને હાલના દાવાના કામે જોડેલ નથી. આમ, વાદીએ હાલનો દાવો ખોટો કરેલ હોઇ વાદીનો દાવો રદ કરવા વિનંતી કરેલ છે.

**7. મુદાઓ અંગેના નિર્ણય :-**

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) નકારમાં.

(૪) નકારમાં.

(૫) અંશત: હકારમાં.

(૬) હકારમાં.

(૭) નકારમાં.

(૮) નકારમાં.

(૯) નકારમાં.

(૧૦) આખરી હુકમ મુજબ.

**<u>કારણો</u>**

**7.1. મુદ્દા નંબર ૧ અને ૪ ના કારણો :-**

હાલના દાવામાં વાદી તથા પ્રતિવાદીઓ તરફે નો પુરાવો ધ્યાને લેતા તેમજ આંક ૬૦ થી રજુ થયેલ દાવાવાળી જમીનનો દસ્તાવેજ ધ્યાને લેતા

દાવાવાળી જમીન એ પ્રતિવાદી નંબર ૧ એ પ્રતિવાદી નંબર ૨ ને વેચાણ કરેલ છે તે બાબતે કોઈ પક્ષ ને તકરાર નથી **જેથી દાવાવાળી જમીન એ પ્રતિવાદી નંબર ૧ એ પ્રતિવાદી નંબર ૨ ને વેચાણ કરેલ છે તે હકીકત સાબિત થયેલ છે.**

વધુમાં હાલના કામે વાદી તરફે હાલના દાવામાં આંક ૫૧ થી રાજેન્દ્રસિંહ જોરૂભા જાડેજા એ જુબાની આપેલ છે અને તેઓએ દાવા અરજીની તમામ હકીકત અંગે પુરાવો આપેલ છે અને જણાવેલ છે કે તેઓના પિતાના નામે જે જમીન આવેલ છે તે તેઓના દાદાથી તેમના પિતા ને મળેલ છે અને તે અંગે તેઓએ હાલના કામે આંક ૫૪ થી હકકપત્રક રજુ કરેલ છે જેમાં નોંધ નંબર ૩૨ મુજબ તેમના પિતા ની તમામ જમીન એ વડીલોપાર્જીત જમીન છે અને તે તમામ જમીન પૈકી દાવાવાળી જમીન પ્રતિવાદી નંબર ૧ એ પ્રતિવાદી નંબર ૨ ને ખોટી રીતે વેચાણ કરેલ હોઈ વેચાણ દસ્તાવેજ રદ થવા પાત્ર છે તેવો પુરાવો આપેલ છે.

જયારે પ્રતિવાદી તરફે ની ઉલટ તપાસમાં વાદી સ્વીકારે છે કે દાવાવાળી જમીનમાં સંપુર્ણ કબજો તેઓએ પોતાના નામે માંગેલ છે.

આમ, વાદીનો ઉપરોકત પુરાવો ધ્યાને લેતા તેઓએ દાવાવાળી જમીન એ વડીલોપાર્જીત જમીન છે તેમ છતા વાદીએ દાવાવાળી જમીન નો સંપુર્ણ કબજો માંગેલ છે. આમ, વાદીએ વિરોધાભાસી હકીકત રેકર્ડ પર જણાવેલ છે.

વધુમાં વાદી તરફે દાવાવાળી જમીન એ વડીલોપાર્જીત જમીન છે તે સાબિત કરવા માટે એકમાત્ર આંક ૫૪ થી રજુ થયેલ હકકપત્રક રજુ કરેલ છે અને તેમાં નોંધ નંબર ૩૨ પર આધાર રાખેલ છે પરંતુ વાદી તરફે રજુ થયેલ આંક ૫૪ ની નોંધ નંબર ૩૨ ધ્યાને લેતા વાદીના પિતાને દાવાવાળી જમીન વારસાઈ થી મળેલ છે તેવુ તેમાં જણાવેલ નથી. **આમ, દાવાવાળી જમીન એ વડીલોપાર્જીત જમીન છે તે હકીકત સાબિત થતી નથી.**

આમ, ઉપરોકત તમામ પુરાવો ધ્યાને લેતા દાવાવાળી જમીન એ પ્રતિવાદી નંબર ૧ એ પ્રતિવાદી નંબર ૨ ને વેચાણ આપેલ છે તે હકીકત સાબિત થાય છે પરંતુ દાવાવાળી જમીન એ વાદીના હિસ્સાવાળી વડીલોપાર્જીત જમીન હતી તે હકીકત સાબિત થતી નથી **જેથી મુદ્દા નંબર ૧ અને ૪ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.**

**પ્રિન્સિપાલ સિવિલ જજ,**
**ધ્રોલ.**

**7.2. મુદ્દા નંબર ૨ અને 3 ના કારણો :-**

હાલના દાવાના કામે પ્રતિવાદી તરફે આંક ૧૨૧ થી જગદીશસિંહ મહીપતસિંહ જાડેજા એ જુબાની આપેલ છે અને જણાવેલ છે કે, દાવાવાળી જમીન એ વડીલોપાર્જીત જમીન નથી પરંતુ વાદીના પિતાની સ્વપાર્જીત મિલકત છે અને તેઓએ વાદીના પિતા પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થી જમીન ખરીદ કરેલ છે. વધુમાં તેઓએ દાવાવાળી જમીનના નવા સર્વે નંબર ૫૪૩ ના ગામ નમુના નંબર ૭/૧૨, ૮અ અને ૬ હકકપત્રક હાલના કામે આંક ૧૨૩ થી રજુ કરેલ છે.

ઉપરોકત સાક્ષી ની વાદી તરફે ની ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે નોંધ નંબર ૩૨ મુજબ જોરૂભા ને જીયાજી પાસેથી મળેલી મિલકત ની નોંધ છે. વધુમાં તેઓ આંક ૬૦ જોઇને જણાવે છે કે આ વેચાણ દસ્તાવેજમાં દાવાવાળી જમીન વારસાઈથી મળેલ છે તેવુ લખવામાં વકીલ થી ભુલ થયેલ છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે દસ્તાવેજ સને ૨૦૧૨ માં કરેલ હતો અને આ દસ્તાવેજ માં થયેલ ભુલ સુધારવા તેઓએ કોઇ કાર્યવાહી કરેલ નથી.

આમ, ઉપરોકત સાક્ષીનો પુરાવો ધ્યાને લેતા તેઓએ દાવાવાળી જમીન એ વડીલોપાર્જીત ન હતી અને પ્રતિવાદી નંબર ૧ ની સ્વતંત્ર માલીકી ની હતી તે બાબતે પુરાવો આપેલ છે અને આ પુરાવાને હાલના કામે આંક ૫૪ થી રજુ થયેલ નોંધ નંબર ૩૨ ધ્યાને લેતા દાવાવાળી જમીન એ પ્રતિવાદી નંબર ૧ ની સ્વતંત્ર માલીકી ની હતી તે હકીકત ને સમર્થન મળે છે.

વધુમાં ઉપરોકત સાક્ષી એ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આંક ૬૦ ના વેચાણ દસ્તાવેજમાં દાવાવાળી જમીન એ વડીલોપાર્જીત છે તેવુ લખવામાં વકીલ થી ભુલ થઇ છે જેથી હાલના દાવાના કામે આંક ૬૦ નો વેચાણ દસ્તાવેજ ધ્યાને લેતા તેમાં પેજ નંબર ૫ ના પેરા ૧ માં દાવાવાળી જમીન પ્રતિવાદી નંબર ૧ ને વડીલોપાર્જીત છે તેવુ લખવામાં આવેલ છે પરંતુ આ જ વેચાણ દસ્તાવેજના પેજ નંબર ૬ માં પેરા ૫ માં દાવાવાળી જમીન પ્રતિવાદી નંબર ૧ ના સંપુર્ણ કબજા ભોગવટા ની અને માલીકી હકક ની છે અને તેમાં તેઓ સિવાય અન્ય કોઇનો હકક, હિસ્સો કે માલીકી હકક નથી તેવુ પણ લખવામાં આવેલ છે જેથી વેચાણ દસ્તાવેજ માં ઉપરોકત હકીકત બાબતે ભુલ

થયેલ છે તેવુ સાબિત થાય છે પરંતુ ઉપરોકત આંક ૬૦ નો વેચાણ દસ્તાવેજ તથા આંક ૫૪ એકસાથે ધ્યાને લેતા તેમજ અગાઉ મુદ્દા નંબર ૧ અને ૪ ના કારણો ધ્યાને લેતા દાવાવાળી જમીન એ પ્રતિવાદી નંબર ૧ ની સ્વતંત્ર માલીકી ની હતી અને તેઓએ પ્રતિવાદી નંબર ૨ ને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થી વેચાણ કરેલ છે જેથી આ વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર અને અધિકાર વગરનો, બોગસ અને બનાવટી ઉભો કરેલ હોય તે હકીકત સાબિત થતી નથી **જેથી મુદ્દા નંબર ૨ અને ૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.**

**7.3. મુદ્દા નંબર ૫ ના કારણો :-**

હાલના દાવાના કામે પ્રતિવાદી તરફે આંક ૧૦૬ થી સહદેવસિંહ જોરૂભા જાડેજા, આંક ૧૧૩ થી મહેન્દ્રસિંહ જોરૂભા જાડેજા તથા આંક ૧૨૧ થી જગદીશસિંહ મહીપતસિંહ જાડેજા એ જુબાની આપેલ છે અને ઉપરોકત તમામ સાક્ષીઓએ સર્વે નંબર ૨૫૭, ૩૫૬, અને ૫૫૦ ની જમીનો એ વાદી તથા પ્રતિવાદી નંબર ૧ ના પિતા ની સ્વતંત્ર અને સ્વપાર્જીત માલીકી ની છે તેવો પુરાવો આપેલ છે. વધુમાં તેઓએ આંક ૫૪ થી રજુ થયેલ નોંધ નંબર ૩૨ અંગે પુરાવો આપી ઉપરોકત હકીકત જણાવેલ છે જેથી આંક ૫૪ થી રજુ થયેલ નોંધ નંબર ૩૨ ધ્યાને લેતા ઉપરોકત તમામ સર્વે નંબર ૨૫૭, ૩૫૬, અને ૫૫૦ ની જમીનો એ વાદી તથા પ્રતિવાદી નંબર ૧ ના પિતાશ્રી ની સ્વપાર્જીત અને સ્વતંત્ર માલીકી તથા કબજા ભોગવટા ની છે તે હકીકત સાબિત થાય છે.

પરંતુ, હાલના કામે આંક ૧૦૬ થી સહદેવસિંહ જોરૂભા જાડેજા, આંક ૧૧૩ થી મહેન્દ્રસિંહ જોરૂભા જાડેજા એ જુબાની આપેલ છે અને ઉપરોકત બંને સાક્ષીઓએ સર્વે નંબર ૩૫૭/પૈકી ૧ તથા ૩૫૭/પૈકી ૨ વાળી જમીનો તેઓએ લાલુભા ભવાનસિંહ પાસેથી ખરીદ કરેલ છે તેવો પુરાવો આપેલ છે. વધુમાં તેઓએ આંક ૯૪ થી રજુ થયેલ નોંધ નંબર ૯૮, ૧૭૦૬ અને ૧૭૦૭ અંગે પુરાવો આપી ઉપરોકત હકીકત જણાવેલ છે અને આંક ૧૦૯ અને ૧૧૦ થી વેચાણ દસ્તાવેજ પણ રજુ કરેલ છે જેથી હાલના કામે આંક ૯૪ થી રજુ થયેલ નોંધ નંબર ૯૮, ૧૭૦૬ અને ૧૭૦૭ તથા આંક ૧૦૯ અને ૧૧૦ થી વેચાણ દસ્તાવેજ ધ્યાને લેતા સર્વે નંબર ૩૫૭/પૈકી ૧ તથા ૩૫૭/પૈકી ૨ વાળી જમીનો વાદી તથા પ્રતિવાદી નંબર ૧ ના પિતાની સ્વપાર્જીત અને સ્વતંત્ર માલીકી તથા કબજા ભોગવટા ની છે તે હકીકત સાબિત થતી નથી **જેથી મુદ્દા નંબર ૫ નો જવાબ અંશતઃ હકારમાં આપવામાં આવે છે.**

7.4. **મુદ્દા નંબર ૬ ના કારણો :-**

હાલના દાવાના કામે પ્રતિવાદી તરફે આંક ૧૦૬ થી સહદેવસિંહ જોરૂભા જાડેજા, આંક ૧૧૩ થી મહેન્દ્રસિંહ જોરૂભા જાડેજા એ જુબાની આપેલ છે અને જણાવેલ છે કે તેઓના પિતાશ્રી એ તથા વાદી તથા અન્યો ને તેમનો થતો હકક, ભાગ આપી દીધેલ છે તેવો પુરાવો આપેલ છે. વધુમાં ઉપરોકત બંને સાક્ષીઓએ વાદી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે તેમના પિતાશ્રી એ તમામ ભાઈઓને જમીન લઈ આપેલ છે.

વધુમાં હાલના કામે વાદી ની આંક ૫૧ ની ઉલટ તપાસ ધ્યાને લેતા વાદી આંક ૮૬ જોઈને જણાવે છે કે, નોંધ નંબર ૧૫૦૦ મુજબ કૌટુંબીક વહેંચણી થયેલ છે. વધુમાં વાદી સ્વીકારે છે કે, તેઓએ આ નોંધ કોઈ જગ્યાએ ચેલેન્જ કરેલ નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે આ નોંધ બાબતે તેઓએ દાવા અરજી માં કોઈ ઉલ્લેખ કરેલ નથી. આમ, પ્રતિવાદી નંબર ૧ ની જમીનોમાં કૌટુંબીક વહેંચણી કરેલ છે અને તે મુજબ વાદીના ભાઈ મહેન્દ્રસિંહ ને તેમના પિતા ની તમામ જમીનમાંથી સર્વે નંબર ૩૫૬ ની જમીન મળેલ છે અને તે બાબતે વાદી એ કોઈપણ પ્રકારનો કયાંય વાંધો લીધેલ નથી.

આમ, ઉપરોકત તમામ પુરાવો ધ્યાને લેતા વાદીના પિતા એ તેઓની હૈયાતી દરમ્યાન કૌટુંબીક વહેંચણી કરેલ છે તે સ્વીકારેલ છે અને તેઓએ આ નોંધ ને ચેલેન્જ કરેલ નથી જેથી વાદીના પિતાએ તેઓની હયાતી દરમ્યાન વાદીને થતો હકક ભાગ આપી દીધેલ છે તે હકીકત સાબિત થાય છે **જેથી મુદ્દા નંબર ૬ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.**

**7.5. મુદ્દા નંબર ૭ ના કારણો :-**

હાલના દાવાના કામે પ્રતિવાદીઓ તરફે વાદીના દાવાને એસ્ટોપલ તેમજ રેસ જયુડીકેટા વેઈવર નો બાધ કેવી રીતે નડે છે તેવો કોઈપણ પુરાવો રજુ કરેલ નથી **જેથી મુદ્દા નંબર ૭ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.**

**7.6. મુદ્દા નંબર ૮ ના કારણો :-**

હાલના દાવા ના કામે પ્રતિવાદી નંબર ૨ થી જગદીશસિંહ મહીપસિંહ જાડેજા એ આંક ૧૨૧ થી આપેલ જુબાની માં તેઓ જણાવે છે કે તેઓએ વાદીના પિતા પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થી ખરીદ કરેલ છે તેવો પુરાવો આપેલ છે. વધુમાં તેઓએ આંક ૬૦ થી રજુ થયેલ વેચાણ દસ્તાવેજ

તથા આંક ૧૨૩ થી રજુ થયેલ ગામ નમુના નંબર ૮અ, ૭ અને ૧૨ તથા ૬ ના હકકપત્રક માં રજુ કરેલ નોંધ નંબર ૩૮૨૦ અંગે પણ પુરાવો આપેલ છે જેથી હાલના કામે રજુ થયેલ ઉપરોકત પ્રતિવાદી નંબર ૨ નો પુરાવો તથા આંક ૧૨૩ થી રજુ થયેલ દાવાવાળી જમીનના ગામ નમુના નંબર ૮અ, ૭ અને ૧૨ તથા ૬ ના હકકપત્રક ધ્યાને લેતા આમ, દાવાવાળી જમીન એ પ્રતિવાદી નંબર ૨ સંપુર્ણ માલીક અને કબજે ભોગવટેદાર ની હતી પરંતુ ત્યારબાદ દાવાવાળી જમીન એ દિવ્યરાજસિંહ જગદીશસિંહ જાડેજા સંપુર્ણ માલીક અને કબજે ભોગવટેદાર ની છે તે હકીકત સાબિત થાય છે જેથી હાલની દાવાવાળી જમીન એ પ્રતિવાદી નંબર ૨ ની સંપુર્ણ માલીકીની અને કબજે ભોગવટેદારની છે તે હકીકત સાબિત થતી ન હોઈ **મુદ્દા નંબર ૮ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.**

**7.7. મુદ્દા નંબર ૯ અને ૧૦ ના કારણો :-**

આમ, ઉપરોકત તમામ જણાવેલ તમામ મુદ્દા નંબર ૧ થી ૮ ના કારણો ધ્યાને લેતા વાદી હાલના દાવામાં માંગ્યા મુજબ ની દાદ મેળવવા હકકદાર બનતા ન હોઈ **મુદ્દા નંબર ૯ નો જવાબ નકારમાં આપવામાં આવે છે** અને મુદ્દા નંબર ૧૦ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>આખરી હુકમ</u>**

1. વાદીનો હાલનો દાવો નામંજુર કરવામાં આવે છે.
2. હાલના દાવાનો વાદીને થયેલ ખર્ચ વાદીએ જાતે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે તેમજ હાલના દાવાનો પ્રતિવાદીઓને થયેલ ખર્ચ વાદીએ ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.
3. હુકમ મુજબ હુકમનામુ તૈયાર કરવુ.

ઉપરોકત હુકમ આજ સને ૨૦૨૬ ના એપ્રિલ મહીના ની તારીખ ૩૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

ધ્રોલ.

તારીખ ૩૦/૦૪/૨૦૨૬

મિલાપ એ.કોટડીયા
(કોડ નંબર જીજે ૦૧૬૩૪)
પ્રિન્સિપાલ સિવિલ જજ,
ધ્રોલ.

**પ્રિન્સિપાલ સિવિલ જજ,**
**ધ્રોલ.**